GJVD020208642023

**મહે. છઠ્ઠા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી.પી.એમ.શાહ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.**

**ગુ.મુ.નં. 15195_2023**

**ફરીયાદી** – શ્રી સરકાર

વિરુધ્ધ.

**આરોપી** – સંગીતાબેન અજયભાઈ માળી
રહે. વડોદરા.

**ગુન્હો – ઇ.પી.કો. કલમ: ૨૮૩ મુજબ.**

**ઠ રા વ**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ ફરીયાદમા જણાવેલ તારીખ, સમય અને જગ્યાએ આરોપીએ ઇ.પી.કો.કલમ: ૨૮૩ મુજબનો ગુન્હો કરેલ છે. આ કામના ફરીયાદીની ફરીયાદ આધારે આ કામના તપાસ કરનાર અમલદારે ગુનો નોંધી ગુનાની તપાસ કરી તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ ગુનાસરનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને આજરોજ નામદાર કોર્ટમાં રજુ કરતા તેઓએ ગુના કબુલાત પુરશીશ આપેલ છે અને સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને પુરશીશથી એમણે અરજ ગુજારેલ છે કે તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓનાં કુટુંબમાં એકમાત્ર ભરણપોષણ કરનાર હોય જેથી દયા રાખી ઓછામાં આછી સજા કરવા અરજ ગુજારેલ છે. આ કામના આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય ગુના કબુલાત પુરશીશનાં આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ: ૨૫૨ હેઠળ ઇ.પી.કો.કલમ: ૨૮૩ ના ગુનાના કામે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) દંડ, તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન: ૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા.૦૯.૦૯.૨૦૨૩ ના રોજ લોકઅદાલત/સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

તા.૦૯.૦૯.૨૦૨૩
વડોદરા.

**(પરાગ મહેન્દ્રભાઈ શાહ )**
છઠ્ઠા એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
**જીજે૦૦૯૨૬**